સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

પઢે ચલો, બઢે ચલો

Email Id :bnsdeo@gmail.com Phone No: 02742- 257055

પરિપત્ર તા:–૨૮/૦૬/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળાઓ,બનાસકાંઠા,પાલનપુર

વિષય:– ધો–૯ થી ૧૨ માં અભ્યાસ કરતા અને ૧૫ વર્ષ પુર્ણ કરેલ વિધાર્થીઓની આધાર અપડેશન કરવા માટેની સંખ્યા આપવા તેમજ આપની કક્ષાએથી વિધાર્થીઓના આધાર અપડેશન કરાવવા બાબત...

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ–૨૦૧૯-૨૦ માં ધો–૯ થી ૧૨ માં અભ્યાસ કરતા જેમની ઉમર ૧૫ વર્ષ ચાલુ વર્ષે પુર્ણ કરેલ છે. (એટલે કે જેમની જન્મ તારીખ ૧–૧–૨૦૦૪ થી ૩૧–૧૨–૨૦૦૪ સુધી છે.) તેવા તમામ વિધાર્થીઓના આધારકાર્ડ અપડેશન કરવાના થાય છે. દરેક શાળાએ શાળાના જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ જન્મ તારીખ ના આધારે વિધાર્થીઓની સંખ્યા નીચેના પત્રકમાં જણાવ્યા મુજબ શાળાના લેટરપેડ પર દિન–૫ જે તે એસ.વી.એસ.ના કન્વીનર ને રૂબરૂમાં પહોચાડવાની રહેશે.એસ.વી.એસ.કક્ષાએ સદર માહિતીનું એકંદરી કરી એસ.વી.એસ.ના લાયઝન અધિકારી ને રૂબરૂ મોકલી આપવાની રહેશે.

તદઉપરાંત આધારકાર્ડ અપડેશન માટે જનસેવા કેન્દ્ર,બી.આર.સી ભવન,દેના બેંક,પોસ્ટ ઓફિસ,તેમજ જિ.શિ.અધિકારી કચેરીમાં પણ આ કામગીરી ચાલુ છે. દરેક શાળાએ પોતાની જાતે આધારકાર્ડ અપડેશનનું આયોજન કરી બાળકોના આધારકાર્ડ અપડેશન કરાવ્યા બાદ આ અંગેનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. આ રજીસ્ટરમાં વિધાર્થી નું નામ,ધોરણ,આધારકાર્ડ નંબર તેમજ આધારકાર્ડ અપડેશન નંબર દર્શાવવાનો રહેશે.ઉપલી કચેરી આ અંગેની માહિતી માંગે ત્યારે તમામ દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

**<u>આધારકાર્ડ અપડેશન કરવા પાત્ર વિધાર્થી સંખ્યા દર્શાવતું પત્રક</u>**

શાળાનું નામ:–.................................................................................

| ક્રમ | ધોરણ | આધારકાર્ડ અપડેશન કરાવવા પાત્ર વિધાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ધો–૯ | | | |
| ૨ | ધો–૧૦ | | | |
| ૩ | ધો–૧૧ | | | |
| ૪ | ધો–૧૨ | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner